# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 20-05-2024 | Evening : 7.50 to 8.00

Day : Monday | National News

## આકાશવાણી સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

******************************************************

- ✓ લોકસભાના પાંચમા તબક્કા માટે મતદાન શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થયું.....49 બેઠકો માટે સરેરાશ. 57.44 ટકા મતદાન નોંધાયું....સૌથી વધુ પશ્ચિમ બંગાળમાં 73 ટકા, જ્યારે કે સૌથી ઓછું મહારાષ્ટ્રમાં 48.88 ટકા નોંધાયું
- ✓ લોકસભા ચૂંટણીના છઠ્ઠા તબક્કા માટે પ્રચાર કરતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લઘુત્તમ ટેકાના ભાવ ઉંચા લઈ જવાનું તો....સપા અધ્યક્ષ અખિલેશ યાદવે ઇન્ડિ ગઠબંધન સત્તામાં આવતા 30 લાખ નોકરીઓનું વચન આપ્યું
- ✓ ગુજરાત ATS એ અમદાવાદ હવાઈ મથકેથી ઇસ્લામિક સ્ટેટના ચાર આતંકવાદીઓની ધરપકડ કરી...
- ✓ છત્તીસગઢમાં ગંભીર માર્ગ અકસ્માતમાં 15 લોકોના મૃત્યુ......રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીએ શોક વ્યક્ત કર્યો
- ✓ ઇરાનમાં રાષ્ટ્રપતિ ઇબ્રાહિમ રઈસી સહિતના નેતાઓનું હેલિકૉપ્ટર દુર્ઘટનામાં નિધન.....મહોમ્મદ મુખબીરને કાર્યકારી રાષ્ટ્રપતિ નિયુક્ત કરાયા
- ✓ જાપનના કાબેમાં યોજાયેલી વર્લ્ડ પેરા એથ્લેટિક્સ ચેમ્પિયનશીપમાં મહિલાઓની 400 મીટર T20માં દિપ્તી જીવનજીએ સુવર્ણ ચંદ્રક જીત્યો

******************************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# FIFTH PHASE ELECTION

લોકસભાના પાંચમા તબક્કા માટે શાંતિ પૂર્ણ રીતે મતદાન પૂર્ણ થયું છે. છ રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશની કુલ મળીને 49 બેઠકો માટે મતદાન થયું. જેમાં ઉત્તર પ્રદેશની 14, મહારાષ્ટ્રની 13, પશ્ચિમ બંગાળની 7, ઓડ઼િશા અને બિહારની પાંચ-પાંચ, ઝારખંડની 2, જ્યારે કે જમ્મૂ કાશ્મીર અને લદ્દાખની એક -એક બેઠકો માટે મતદાન થયું હતું.

ચૂંટણી પંચે જાહેર કરેલા આંકડાઓ અનુસાર મોડી સાંજ સુધીમાં સરેરાશ 57.44 ટકા મતદાન નોંધાયું હતું. જેમાં સૌથી વધુ 73 ટકા મતદાન પશ્ચિમ બંગાળમાં તો સૌથી ઓછું 48.88 ટકા મતદાન મહારાષ્ટ્રમાં નોંધાયું હતું. જ્યારે લદ્દાખમાં 67.15, ઝારખંડમાં 63, ઓડિશામાં 60.72, ઉત્તરપ્રદેશમાં 57.75, જમ્મુ-કાશ્મીરમાં 54.21, બિહારમાં 55.35 ટકા મતદાન નોંધાયું હતું.

ઓડિશાની 35 વિધાનસભા બેઠકો માટે પણ મતદાન થયું, જેમાં અત્યાર સુધીમાં 60.70 ટકા મતદાન નોંધાયું છે.

આ તબક્કામાં 695 જેટલા ઉમેદવારોના ભાવીનો ફેંસલો થશે. મતગણતરી 4 જૂને હાથ ધરવામાં આવશે. આ તબક્કામા વિવિધ પાર્ટીના રાજકીય દિગ્ગજો જેવા કે ભાજપના નેતા રાજનાથસિંહ, પિયૂષ ગોએલ, સ્મૃતિ ઇરાની, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી, કે. એલ. શર્મા, નેશનલ કોન્ફરેન્સના ઓમર અબ્દુલ્લાહ, એલજેપીના ચિરાગ પાસવાન સહિતના નેતાઓના ભાવી ઇવીએમમાં સીલ થયા.

ચૂંટણી પંચે સરળ અને પારદર્શક મતદાન માટે તમામ પ્રકારના પગલાં લીધા હતા. અંદાજે 8 લાખ, 47 હજાર જેટલા ચૂંટણીકર્મીઓ, વિવિધ રાજ્યોના 94 હજાર, 732 ચૂંટણી કેન્દ્રો પર તૈનાત કરાયા હતા. ગરમીને જોતા કેન્દ્રો પર શેડ,વ્હીલચેર, રેમ્પ, પાણી સહિતની વિવિધ વ્યવસ્થા કરવામાં આવી હતી.

# POLL CAMPAIGNING-1

લોકસભાના છઠ્ઠા તબક્કા માટે પ્રચાર વેગવતો બન્યો છે. વિવિધ રાજકીય પક્ષોના નેતાઓઓ મતદારોને રિઝાવવા પ્રયાસો કરી રહ્યા છે.

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પશ્ચિમ બંગાળના ઝારગ્રામમાં  ચૂંટણી સભા સંબોધી હતી. શ્રી મોદીએ કહ્યું લોકસભા ચૂંટણીમાં હારને જોતા તૃણમૂલ કોંગ્રેસ તણાવની સ્થિતિમાં છે.

આ પૂર્વે પ્રધાનમંત્રી મોદીએ ઓડિશાના અનગુલ અને કટ્ટકમાં જાહેર સભા સંબોધી હતી. આ પ્રસંગે તેમણે ખેડૂતો માટે લઘુતમ ટેકાના ભાવ બે હજાર, 200 રૂપિયાથી વધારીને 3 હજાર, 100 રૂપિયા કરવાનું વચન આપ્યું હતું. શ્રી મોદીએ કહ્યું કે ઓડિશામાં અનેક પ્રાકૃતિક સંશાધનો હોવા છતાં અહીના લોકો ગરીબીનો સામનો કરી રહ્યા છે. તેમણે બીજુ જનતા દળના સાશનમાં રાજ્યની સંસ્કૃતિ અને સંસાધનો સુરક્ષિત નહીં હોવાનો આરોપ લગાવ્યો હતો.

તો ઓડિશાના મુખ્યમંત્રી અને બીજુ જનતાદળના અધ્યક્ષ નવીન પટનાયકે રોડ શૉ અને કેટલીક ચૂંટણી સભાઓને સંબોધન કર્યું હતું.

ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે હરિયાણામાં ચૂંટણી પ્રચાર કર્યો હતો. તેમણે કરનાલ અને હિસારમાં સભાઓ કરી હતી. શ્રી શાહે કહ્યું કે એનડીએ સરકારે કૃષિ ક્ષેત્રે બદલાવ માટે વ્યૂહાત્મક પગલાંઓ લીધા છે. વધુમાં તેમણે કહ્યું કે કોંગ્રેસના કાર્યકાળમાં કૃષિ અંદાજ પત્ર 22 હજાર કરોડ રૂપિયા જેટલુ રહેતું, જ્યારે કે છેલ્લા દસ વર્ષોમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તેને વધારીને 25 હજાર કરોડ સુધી લઈ ગયા છે.

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ચંદીગઢમાં ચૂંટણી સભા સંબોધી હતી. તો સમાજવાદી પક્ષના અધ્યક્ષ અખિલેશ યાદવે ઉત્તર પ્રદેશના દોમરિયાગંજ અને સંત કબીર નગરમાં ચૂંટણી સભાને સંબોધી હતી. તેમણે ઇન્ડિ

ગઠબંધન સત્તામાં આવતા 30 લાખ નોકરીઓનું વચન તેમજ અગ્નિવીર યોજનાને ખતમ કરવાની વાત પણ કરી હતી.

## GUJARAT-TERRORISTS

ગુજરાત ATSએ અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી ચાર આતંકીઓની ધરપકડ કરી છે. સ્થાનિક અધિકારીઓના જણાવ્યા અનુસાર ધરપકડ કરાયેલા તમામ આતંકવાદીઓ શ્રીલંકાના રહેવાસી છે અને ઇસ્લામિક સ્ટેટ સાથે સંકળાયેલા છે. તેઓ શ્રીલંકાથી અમદાવાદ વાયા ચેન્નાઈ આવ્યા હતા. આ અંગે ડીજીપી  વિકાસ સહાયે આ પ્રમાણે જણાવ્યુ હતું............

(બાઇટ-વિકાસ સહાય)

## CHHATTISGARH-ROAD ACCIDENT

છત્તીસગઢમાં એક માર્ગ અકસ્માતમાં 14 મહિલાઓ સહિત 15 લોકોના મોત નિપજ્યાં છે. જ્યારે 8 ઘાયલ પણ થયા છે. કબીરધામ જિલ્લા માં બાહપાની ગામ નજીક આ ઘટના બનવા પામી હતી જ્યાં કુકદુર પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળ એક વાહને  નિયંત્રણ ગુમાવતા ખાડામાં પડી ગયું હતું. આ વાહનમાં 25 શ્રમિકો હતા, જેઓ જંગલમાંથી તેંદુના પાન તોડીને પોતાના ગામ પરત ફરી રહ્યા હતા. આઠ ઘાયલ લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

## PREZ, VP, PM-CHATTISGARH ROAD ACCIDENT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખર અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે છત્તીસગઢના કબીરધામ જિલ્લામાં એક માર્ગ અકસ્માતમાં જીવ ગુમાવનાર પર શોક વ્યક્ત કર્યો હતો. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં રાષ્ટ્રપતિ મુર્મુએ આ અકસ્માતમાં પોતાના પ્રિયજનોને ગુમાવનારા પરિવારો માટે શોક વ્યક્ત કર્યો હતો. શ્રી ધનખરે તમામ ઇજાગ્રસ્તોના ઝડપથી સ્વસ્થ થવાની કામના કરી હતી.

શ્રી મોદીએ જણાવ્યુ હતું કે રાજ્ય સરકારની દેખરેખ હેઠળ, સ્થાનિક વહીવટીતંત્ર પીડિતોને દરેક શક્ય રીતે મદદ કરવામાં વ્યસ્ત છે.

## IRAN-NEW PRESIDENT

ઇરાનના સર્વોચ્ચ વડા અયતોલ્લાહ અલી ખમૈનીએ ઉપરાષ્ટ્રપતિ મહોમ્મદ મુખબીરને કાર્યકારી રાષ્ટ્રપતિ તરીકે નિયુક્ત કર્યા છે. તેમણે રાષ્ટ્રપતિ અબ્રાહિમ રઈસીના નિધન પ્રસંગે પાંચ દિવસના રાષ્ટ્રીય શોકની જાહેર કર્યો હતો. નિયમ પ્રમાણે ઉપરાષ્ટ્રપતિ મુખબીરને કાર્યકારી રાષ્ટ્રપતિ તરીકે કાર્યભાર સંભાળશે. જ્યારે કે રાષ્ટ્રપતિ માટેની ચૂંટણી આગામી 50 દિવસોમાં યોજવામાં આવશે.

મહત્વપૂર્ણ છે કે એક હેલિકૉપ્ટર દુર્ઘટનામાં રાષ્ટ્રપતિ ઇબ્રાહિમ રઈસી, વિદેશમંત્રી અબ્દુલ્લાહિયન સહિત વરિષ્ઠ અધિકારીઓના મોત થયા હતા. ઇરાનની સમાચાર એજન્સીઓ અનુસાર રાષ્ટ્રપતિ સહિતના નેતાઓને લઈ જઈ રહેલું હેલિકૉપ્ટર ઇરાનના ઉત્તરીય ભાગમાં ગાઢ ધુમ્મસને કારણે દુર્ઘટનાગ્રસ્ત થયું હતું.

## DEEPTHI-GOLD-WORLD PARA ATHLETICS

જાપાનના કોબે ખાતે યોજાયેલી વર્લ્ડ પેરા એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં મહિલાઓની 400 મીટર T20માં દીપ્તિ જીવનજીએ આજે વર્લ્ડ રેકોર્ડ તોડ્યો હતો અને પ્રથમ સુવર્ણ ચંદ્રક જીત્યો . દીપ્તિએ 55પૂર્ણાંક શૂન્ય સાત સેકન્ડનો સમય કાઢીને અમેરિકન બ્રેના ક્લાર્કનો અગાઉનો 55.12 સેકન્ડનો વર્લ્ડ રેકોર્ડ તોડ્યો હતો, જે તેણે ગયા વર્ષે પેરિસમાં ચેમ્પિયનશિપની આવૃત્તિ દરમિયાન બનાવ્યો હતો. T20 વર્ગીકરણ એવા ખેલાડીઓ માટે છે જેઓ બૌદ્ધિક ક્ષતિ ધરાવે છે. તુર્કીની આયસેલ ઓન્ડર 55.19 સેકન્ડ સાથે બીજા ક્રમે અને ઇક્વાડોરની લિઝાનશેલા એંગ્યુલો 56.68 સેકન્ડ સાથે ત્રીજા સ્થાને છે.

## KERALA-HC UPHELD

કેરળ હાઈકોર્ટે આજે 2016 માં એર્નાકુલમ જિલ્લાના પેરુમ્બાવુર ખાતે લો કોલેજની વિદ્યાર્થીની સાથે દુષ્કર્મ અને હત્યાના સંબંધમાં આસામના એક સ્થળાંતરિત મજૂર, મોહમ્મદ અમીર-ઉલ ઈસ્લામને આપવામાં આવેલી મૃત્યુદંડની સજાને સમર્થન આપ્યું હતું. જસ્ટિસ પી બી સુરેશ કુમાર અને એસ મનુની બનેલી હાઈકોર્ટની ડિવિઝન બેંચે એર્નાકુલમ સેશન્સ કોર્ટ દ્વારા આપવામાં આવેલી મૃત્યુદંડની પુષ્ટિ કરી હતી અને નીચલી કોર્ટના આદેશ સામે આરોપી દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલને ફગાવી દીધી હતી.

## PM- NET PROFIT

નાણાકીય વર્ષ 2024 માં પ્રથમ વખત ચોખ્ખો નફો 3 લાખ કરોડ રૂપિયાને વટાવ્યા પછી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારતના બેન્કિંગ ક્ષેત્રના સ્વાસ્થ્યમાં "નોંધપાત્ર" બદલાવની પ્રશંસા કરી છે. લિસ્ટેડ જાહેર અને ખાનગી ક્ષેત્રની બેંકોનો ચોખ્ખો નફો નાણાકીય વર્ષ 2023માં 2.2 લાખ કરોડ રૂપિયા થી 39% વધીને 3.1 લાખ કરોડ રૂપિયા થયો છે. સાર્વજનિક ક્ષેત્રની બેંકોએ વર્ષ દરમિયાન ચોખ્ખા નફામાં વિક્રમજનક 1.4 લાખ કરોડ રૂપિયાનું સર્જન કર્યું છે. એક વર્ષ અગાઉના સમયગાળાની સરખામણીમાં 34% નો વધારો દર્શાવે છે .

## TAIWAN _PRESIDENT

તાઇવાનના સત્તાપક્ષ ડેમોક્રેટિક પ્રોગ્રેસિવ પાર્ટી – DPPના લાઈ ચિંગ-તે એ આજે તાઇવાનના નવા રાષ્ટ્રપતિ તરીકે શપથ ગ્રહણ કર્યા હતા. તાઇવાનના વિદેશ મંત્રાલયના નિવેદન અનુસાર 51 પ્રતિનિધિમંડળો તેમજ 500થી વધુ વિદેશી મહેમાનોની ઉપસ્થિતીમાં તેમણે ઉદ્ઘાટન સમારોહ તેમજ અન્ય ઉજવણીઓમાં ભાગ લીધો.